GUJARATI

# BAPS Shri Swaminarayan Mandir
LONDON



## નિઃશુલ્ક પ્રવેશ


લંડનનું સીમાચિહ્ન (નજરાણું)


નેશનલ જ્યોગ્રાફીક

# યુરોપના પ્રથમ પરંપરાગત હિંદુ મંદિરમાં આપનું સ્વાગત છે.

લંડન શહેરના હૃદયસ્થાને વસેલું - ભગવાન સ્વામિનારાયણને સમર્પિત - આ BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર (નિસડન-લંડન) સનાતન હિન્દુ ધર્મની જીવંત પ્રતિકૃતિ છે. ફક્ત અઢી વર્ષના ગાળામાં ૫૦૦૦ ટન ઈટાલિયન અને ભારતીય આરસપહાણ તેમજ બલ્ગેરિયન લાઈમસ્ટોનમાંથી ભારતીય કારિગરો દ્વારા કલા મંડિત લંડનમાં આકાર પામ્યું છે.

સને ૧૯૯૫માં ઉદ્ઘાટિત થયેલું આ મંદિર ભક્તિ, ઉપાસના અને પ્રાર્થનાનું કેન્દ્ર બની દર વર્ષે લગભગ પાંચ લાખ ભાવિકોને આકર્ષે છે. પાષાણ પર કોતરાયેલી નાજુકતાનું સૌંદર્યદર્શન કે પરંપરાગત હિંદુ આરતી દ્વારા પથરાતી શાંતિ સહુને કલાકો સુધી સ્થિર કરી દે છે. વળી, અહીં વિશ્વની પ્રાચીનતમ જીવંત સંસ્કૃતિ વિશે જાણી સહુ અભિભૂત થાય છે.






## પ્રેરક:

ભગવાન સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે(ડાબે) પોતાની દીર્ઘદૃષ્ટિ, પ્રેરણા અને પ્રચંડ પુરુષાર્થથી આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. વર્તમાનમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ.મહંતસ્વામી મહારાજ(જમણે)ની અધ્યક્ષતામાં આ મંદિર પલ્લવિત છે.



લંડનના સાત આશ્ચર્યોમાંનું એક

Time Out City Guides



વિશ્વના સૌથી આશ્ચર્યકારી સ્થળોમાંનું એક

The World of Interiors

## ભવ્ય હવેલી

મંદિરમાં પ્રવેશતાં જ હવેલીની ભવ્યતા આંખે ઊડીને વળગે છે. ઓક અને સાગના કાષ્ઠના સ્તંભો તથા કમાનો પરની ઝીણી કોતરણી મનને હરે છે. કાષ્ઠમાં કોતરાયેલા મોર એવા તો આબેહૂબ છે કે જાણે હમણાં જ કળા કરશે, હાથીઓ જાણે સૂંઢ ઊંચકી આવકારશે, કમળો પર ભમરાઓ આવ્યા જ સમજો! વળી, જમીન પર પથરાયેલ ચિત્તાકર્ષક રંગબેરંગી ગાલીચો તો એક જુદી જ ભાત ઉપસાવી નજર બાંધી લે છે.

સાલસતા તો જુઓ - અહીં વપરાયેલ કાષ્ઠ માટે જ્યાં એક વૃક્ષનો ભોગ અપાયો છે ત્યાં તેની સામે ૧૦ નવા છોડ રોપવામાં આવ્યા છે.

## પ્રદર્શન

અહીં ભોંયતળિયે આવેલ "Understanding Hinduism" પ્રદર્શન વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિનાં નૈતિક મૂલ્યો, બુદ્ધિમત્તા, માન્યતાઓની યાત્રા કરાવે છે. વળી, અહીં વિડિયો પ્રસ્તુતિ દ્વારા આ મંદિર કઈ રીતે આકાર પામ્યું અને તેના નિર્માણ પાછળના હેતુની વિગતો છતી થાય છે ત્યારે બાળકો સહિત વડીલો પણ 'વાહ' પોકારી ઊઠે છે.



## ગર્ભગૃહ - મુખ્ય મંદિર

પહેલા માળે મંદિરનો મુખ્ય ભાગ આવેલ છે. અહીં વિવિધ ભાતમાં કોતરાયેલ છતો, સ્તંભો અને મુખ્ય ઘુમ્મટ નિહાળતાં તો નેત્રો તૃપ્ત જ નથી થતાં. પથ્થરમાં આવી કોતરણી સહુને અચરજ પમાડે છે. સુવર્ણમંડિત સાત સિંહાસનોમાં ભગવાનની મૂર્તિઓ કેન્દ્રસ્થાને છે, જેમનાં દર્શન કરતાં હાથ સહેજે જ પ્રાર્થના માટે જોડાય છે અને મન અકલ્પ્ય શાંતિ અનુભવે છે.

## મંદિર શું છે ?


મંદિર એ પ્રાર્થના માટેનું ઉત્તમ સ્થળ છે. સંસ્કૃતભાષામાં મંદિરનો સીધો અર્થ છે - એવું સ્થળ જ્યાં મન સ્થિર થાય, આત્માને એવી મોકળાશ મળે જેથી તે જીવનનો અર્થ અને મર્મ સમજી ધન્ય થઈ શકે.

મંદિર એટલે એક એવું કેન્દ્રસ્થાન જ્યાં લોકો ભગવાન અને સમાજની સેવા માટે એકત્ર થઈ શકે.




## હવેલી પ્રાર્થના હૉલ

૨,૭૫૦ ચોરસ મીટરમાં પથરાયેલું આ સ્તંભરહિત સભામંડપ એકસાથે ૨,૫૦૦ થી વધુ ભાવિકોને સમાવી શકે છે. અહીં અઠવાડિક સત્સંગસભા અને ઉત્સવસભાઓ યોજવામાં આવે છે. અહીં લાઈટિંગ સિસ્ટમ મહત્તમ વીજબચત થાય તે ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. અહીં ભેગા થયેલ માનવસમૂહ દ્વારા ફેંકાતી થર્મલ ઊર્જાનો ઉપયોગ પણ હીટ એક્સચેન્જર દ્વારા હવેલીના અન્ય ભાગોને ગરમી પૂરી પાડવામાં આવે છે. આમ, વાતાવરણને નુકશાન ન પહોંચે તેવી તકેદારીઓ રખાઈ છે.





## મૂર્તિ એટલે શું?

મૂર્તિ એટલે વૈદિકમંત્રો અને વિધિવિધાનો દ્વારા પ્રતિષ્ઠિત ભગવાનનું અર્ચા સ્વરૂપ! મૂર્તિ એટલે પથ્થરનું પૂતળું નહિ પણ સાક્ષાત્ ભગવાન - એવા ભાવથી અહીં મૂર્તિઓની સેવા-પૂજા-ભક્તિ ખૂબ સ્નેહપૂર્વક કરવામાં આવે છે. મૂર્તિ એ મંદિરનો આત્મા છે, અને મંદિર એ ભગવાનનું ઘર છે.



## બુકસ્ટૉલ

બુકસ્ટૉલમાં તમે મેળવી શકો છો - અવનવા પુસ્તકો, પોસ્ટકાર્ડ, **CD**, **DVD**, આયુર્વેદિક દવાઓ, આપના સ્નેહીજનો માટે બજેટ અને પસંદગી પ્રમાણેની ભેટ-સોગાદો. આ વસ્તુઓ આપની મુલાકાતને ખરેખર અવિસ્મરણીય બનાવશે, માટે બુકસ્ટૉલની મુલાકાત લેવાનું રખે ચૂકતા.

## શાયોના રેસ્ટોરન્ટ અને વેચાણ કેન્દ્ર

અને હા, અહીં આવેલ શાકાહારી રેસ્ટોરન્ટમાં આપ જમવાની વ્યવસ્થા પણ માણી શકો છો. પરંપરાગત ભારતીય સુશોભન અને મોંમાં પાણી છૂટે તેવું સ્વાદિષ્ટ, પૌષ્ટિક ભારતીય ભોજન આપને અસલ ભારતીય આસ્વાદનો અનુભવ કરાવશે. નજીકના વેચાણકેન્દ્રથી આપ ભારતીય વાનગીઓ, વાસણો અને નાસ્તો પણ ખરીદી શકો છો.



# બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર
# નિસડન, લંડન

## મંદિર દરેક ભાવિકો માટે ખુલ્લું મુકાયું છે અને પ્રવેશ માટે કોઈ ફી રાખેલ નથી

## મુલાકાતીઓ માટે માહિતી

પાર્કિંગ: નિ:શુલ્ક

પહેરવેશ: ઢીંચણથી નીચે સુધીનાં વસ્ત્રો પહેરીને પ્રવેશ શક્ય બની શકશે.
ટૂંકા વસ્ત્રો પ્રવેશમાં બાધક બનશે.

બેગ અને કેમેરા: ખીસ્સામાં રાખી શકાય તેવું નાનું પર્સ અને વોલેટ મંદિરમાં સ્વીકૃત છે. કેમેરા નિષેધ છે.
બેગેજ કેબિનમાં મોટા બેગ અને કેમેરા જમા કરાવ્યા પછી જ મંદિરમાં પ્રવેશ લેવો.

ધૂમ્રપાન: મંદિર પરિસરમાં મનાઈ છે.

આહાર અને પીણાં: કોઈપણ પ્રકારની ખાણી-પીણી કે ચ્યુઈંગ ગમ મંદિર પરિસરમાં નિષિદ્ધ છે.

વિડિયો અને ફોટોગ્રાફી: વ્યક્તિગત ઉપયોગ માટે બહારથી લઈ શકીએ છીએ. અંદર વિડિયો-ફોટોગ્રાફી વર્જિત છે.

મોબાઈલ ફોન: મંદિર પરિસરમાં બંધ રાખો અથવા સાયલન્ટ મોડ પર રાખવા વિનંતી.

શાળા અને ગ્રુપ મુલાકાત: આગોતરું બુકિંગ કરાવવું જરૂરી છે.
તે માટે booking@londonmandir.baps.org પર સંપર્ક કરવો.

પ્રદર્શન અને વિડિયા: વડીલો માટે ૨ (બે) પાઉન્ડ અને બાળકો (૬ થી ૧૬ વર્ષ) માટે ૧.૫ (દોઢ) પાઉન્ડ.
શાળાઓ અને ગ્રુપ મુલાકાત માટે રાહત દરની સુવિધા છે.
તે માટે booking@londonmandir.baps.org પર સંપર્ક કરવો.

અન્ય સુવિધાઓ: નિદર્શિત યાત્રા, લિફ્ટ, વ્હીલચેર, બાળકોનાં વસ્ત્રો બદલવા માટેની સવલત.


માહિતી: પ્રવેશ, સમય અને સુવિધાઓની આગોતરી જાણ વગર તેમાં ફેરફાર થઈ શકે છે. વધુ અને તાજી માહિતી માટે જુઓ londonmandir.baps.org.

મુલાકાતનો સમય: દરરોજ સવારે ૯ થી સાંજે ૬
ભગવાનનાં દર્શન: દરરોજ બપોરે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૬
મધ્યાહ્ન આરતી: દરરોજ બપોરે ૧૧.૪૫ વાગે

મંદિરની સર્વાંગી મુલાકાત માટે ઓછામાં ઓછો સમય: ૧ ૧/૨ કલાક

## મંદિરે પહોંચવા માટ

- West End થી આશરે ૩૦ મિનિટ. A406 પર "Neasden Temple" તરીકે સાઈનપોસ્ટ આપેલ છે.
- Metropolitan/Jubilee લાઈનથી Wembley Park અને ત્યાંથી 206 નં.ની બસ દ્વારા.
- Overground/Bakerloo લાઈનથી Harlesden અને ત્યાંથી 206 અથવા 224 નં.ની બસ દ્વારા.
- Brent Cross અને Ealing Broadway થી IKEA સુધી 112 નં.ની બસ દ્વારા.





BAPS Shri Swaminarayan Mandir
105-119 Brentfield Road, Neasden, London NW10 8LD
+44 (0)20 8965 2651 | info@londonmandir.baps.org
londonmandir.baps.org | @NeasdenTemple | neasdentemple


© BAPS Swaminarayan Sanstha, UK: Charity No. 1143083 | CLG No. 7313272